**EDII**

**Navgujarat Samay**

**December 30, 2021**
**Page No. 04**

# ઈડીઆઈને અટલ રેન્કિંગમાં પ્રથમ ક્રમ આપવામાં આવ્યો

**નવગુજરાત સમય** > અમદાવાદ: આન્ત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા અમદાવાદને સંશોધન ક્ષેત્રે સિદ્ધિઓ માટે અટલ રેન્કિંગમાં પ્રથમ ક્રમ આપવામાં આવ્યો છે. ભારત સરકારના શિક્ષણ મંત્રી ડૉ. સુભાષ સરકારે બુધવારે આ અંગે જાહેરાત કરી હતી. આંતરરાષ્ટ્રીય સ્તરે માન્ય ધારાધોરણોને ધ્યાનમાં લઈને દેશની શૈક્ષણિક સંસ્થાઓને આ ક્રમ આપવામાં આવે છે. આ ક્રમ આપવા માટે સંસ્થા દ્વારા નવા પ્રયોગો, નવા સ્ટાર્ટઅપ તેમજ સંસ્થા દ્વારા તેના માટે આપવામાં આવતું ફંડિંગ, બૌદ્ધિક મિલકત, ટેક્નોલોજીનો ઉપયોગ, વિચારોનું વ્યાપારીકરણ, તેના પર થયેલા ખર્ચ, તેને પ્રોત્સાહન આપવા માટે થયેલા પ્રયત્નો, ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપતી પ્રવૃત્તિઓ, ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે પૂરી પાડવામાં આવતી વ્યવસ્થાઓ, ઉદ્યોગ સાહસિકતા જેવી બાબતો પર ધ્યાન આપવામાં આવે છે. જનરલ ટેકનિકલ કેટેગરીમાં ઈડીઆઈને પ્રથમ ક્રમાંક આપવામાં આવ્યો છે. આ રેંકિંગમાં ક્રમ મેળવનાર ઈડીઆઈ એક માત્ર સંસ્થા છે. આ રેંકિંગ માટે દેશની 1430 સંસ્થાએ સાત અલગ અલગ કેટેગરીમાં ભાગ લીધો હતો. આ અંગે ઈડીઆઈઆઈના ડિરેક્ટર ડૉ. સુનિલ શુક્લાએ કહ્યું હતું કે, ઈડીઆઈ ઉદ્યોગ સાહસિકતા અને સ્ટાર્ટ અપ ક્ષેત્રે નોંધપાત્ર કાર્ય કરી રહી છે. ઉદ્યોગ સાહસિકતાનો અભ્યાસ કેવી રીતે ઉદ્યોગ સાહસિકોને સફળતા તરફ લઈ જાય છે તેનું ઈડીઆઈના વિદ્યાર્થીઓ એક ઉદાહરણ છે.